મહેસાણા જિલ્લામાં ઉજાલા અને ઉજ્જવલા યોજનાનો પ્રારંભ

મહેસાણા જિલ્લાની ટુરીઝમ મોબાઈલ એપ્લીકેશન લોન્ચ કરાઈ : ઉજાલા અને ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને કિટ વિતરણ કરાયું

મહેસાણા, તા. ૨૪

મહેસાણા શહેરમાં દૂધ સાગર ડેરીના નવીન મકાનના લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત રાજ્યના મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કર્યું હતું. સરકાર દ્વારા ઉજાલા અને ઉજ્જવલા યોજનાના પ્રારંભ સાથે લાભાર્થીઓને કીટ વિતરણ, ઉજાલા યોજના પ્રસાર મોબાઈલ વાન પ્રસ્થાન, મહેસાણા જિલ્લાના ૩૯ જેટલા પર્યટન સ્થળોની માહિતી આપતી એપ્લીકેશન લોન્ચ સહિત દૂધ સાગર ડેરીના નવીન પ્લાન્ટ અને નવીન સહયોગના મકાનનું લોકાર્પણ કર્યુંહતું.

મહેસાણા શહેરમાં ઉપસ્થિત મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે જણાવ્યું હતું કે રાજ્યમાં કેન્દ્ર સરકારની સસ્તા દરે એલઈડી બલ્બ આપતી ઉજાલા યોજના વીજ બિલમાં માતબર બચત કરાવનારી જનહિત યોજના ગણાવી હતી. રાજ્યના ઘરોમાં ઉજાલા યોજના આવનાર છે. રાજ્ય સરકાર આ યોજના હેઠળ વીજગ્રાહકોને ૯ વોટના ૧ કરોડ એલઈડી બલ્બ રાહતદરે આપશે. ઘરના વીજજોડાણ ધરાવનારને મહત્તમ ૧૦ એલઈડી બલ્બ મળી શકશે અને પ્રત્યેકની કિંમત માત્ર ૮૦ રૂ. રાખવામાં આવેલ છે. મહેસાણા જિલ્લામાં ત્રણ મોબાઈલ વાનનું પ્રસ્થાન ઉજાલા યોજના અંતર્ગત કરવામાં આવેલ છે.

ભાજપે કથળેલા વહિવટ અંગે આત્મચિંતન પણ કરવું જોઈએ

અમદાવાદ, તા. ૨૪

અચ્છે દિનના વાયદા બહુત હુઈ મહંગાઈ કી માર અબકી બાર જેવા રૂપાળા સુત્રોથી સત્તા મેળનાર ભાજપ સરકારે ૧૨૫ કરોડ દેશવાસીઓ અને ગુજરાતના ૬ કરોડ નાગરિકોને મોંઘવારીના એક પછી એક માર આપીને ગરીબ સામાન્ય મધ્યમવર્ગના પરિવાર માટે જીવન દુષ્કર બનાવી દીધું છે. ત્યારે કોંગ્રેસ પક્ષ સામે વાણી વિલાસ કરવાને બદલે ભ્રષ્ટાચાર, કાયદો વ્યવસ્થા, પીવાનું પાણી, ખેડુતોની સમસ્યા, મહિલાઓની સલામતી, શિક્ષણ, આરોગ્ય રોજગાર સહિતના પ્રજાની હાડામારીના પ્રશ્નો અંગે ભાજપની કારોબારીમાં દહન ચર્ચા વિચારણા કરવામાં આવી હોત તો ગુજરાતના નાગરિકોને યોગ્ય ન્યાય મળવાની આશા જાગૃત થાત તેવી સ્પષ્ટ વાત ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ પત્રકારો સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે, ભાજપની કારોબારીમાં રજુ થયેલ ઠરાવોની હકીકત અંગે ભાજપે ખુદ આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે. ભાજપની કારોબારીમાં રજુ થયેલ રાજકીય પ્રસ્તાવ ખરેખર તો ભાજપે ચિંતન બેઠકમાં પોતાની જ ઘરની ચિંતા સામાન મુદ્દાઓ અંગે જવાબ આપવો જોઈએ.

રાજ્યના ૧૬ ઉચ્ચ પોલીસ અધિકારીની બદલીના હુકમો

રાજ્યના ગૃહ વિભાગ દ્વારા આજે ૮ આઈપીએસ અધિકારીઓ સહિત કુલ ૧૬ ઉચ્ચ પોલીસ અધિકારીઓની બદલીઓના આદેશ આજે જારી કર્યા હતા. જેમાં રાજકોટ, સુરત અને વડોદરા શહેરના નાયબ પોલીસ અધિકારીઓ ઉપરાંત અમદાવાદ અને વડોદરાના મદદનીશ પોલીસ કમિશનરો પણ સમાવેશ થાય છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓની બદલીઓના આદેશ આ મુજબ છે.

અધિકારીનું નામ, હોદ્દો અને હાલની	બદલીથી નિમણૂંકનું સ્થળ	રીમાર્કસ
એચ આર ચૌધરી, આઈપીએસ, નાયબ પોલીસ, કમિશનર, રાજકોટ શહેર	પોલીસ અધીક્ષક, ગીર સોમનાથ	એએમ મુનિયાની બદલીથી ખાલી પડતી જગ્યાએ
એ એમ મુનિયા, આઈપીએસ, પોલીસ અધીક્ષક, ગીર સોમનાથ	પોલીસ અધીક્ષક, ડાંગ, આહવા	ખાલી જગ્યાએ
આર પી બારોટ, આઈપીએસ પોલીસ અધીક્ષક, અમરેલી	નાયબ પોલીસ કમિશનર, ઝોન.૧ સુરત શહેર, સુરત	જે એ પટેલની બદલીથી ખાલી પડતી જગ્યાએ
આર એફ સંગાડા, આઈપીએસ પોલીસ, અધીક્ષક, સુરેન્દ્રનગર	નાયબ પોલીસ કમિશનર, (ટ્રાફિક) સુરત શહેર, સુરત	ખાલી જગ્યાએ
જી વી બારોટ, આઈપીએસ પોલીસ અધીક્ષક, કચ્છ (પૂર્વ) ગાંધીધામ	સેનાપતિ, રાજ્ય અનામત પોલીસ દળ, જુથ-૪, પાવડી દાહોદ	ખાલી જગ્યાએ
જે એ પટેલ, આઈપીએસ, નાયબ પોલીસ કમિશનર, ઝોન-૧, સુરત શહેર	પોલીસ અધીક્ષક, અમરેલી	આર પી બારોટની બદલીથી ખાલી પડેલ જગ્યાએ
એચ આર મુલીયાણા, આઈપીએસ, નાયબ પોલીસ કમિશનર, (ક્રાઈમ) વડોદરા શહેર	સેનાપતિ, રાજ્ય અનામત પોલીસ દળ, જુથ-૧૨, ગાંધીનગર	ખાલી જગ્યાએ
દીપક મેઘાણી, આઈપીએસ, પોલીસ અધીક્ષક, (ઈન્ટે.), અમદાવાદ	પોલીસ અધીક્ષક, સુરેન્દ્રનગર	આર એફ સંગાડાની બદલીથી ખાલી પડતી જગ્યાએ
એન એ મુનિયા મદદનીશ પોલીસ કમિશનર, ડી-ડીવીઝન, વડોદરા શહેર	નાયબ પોલીસ કમિશનર, ઝોન-૩ અમદાવાદ શહેર	ખાલી જગ્યાએ
એસ આર ઓડેદરા, નાયબ પોલીસ અધીક્ષક, સીઆઈડી ક્રાઈમ, પીઆરસી, ગાંધીનગર	નાયબ પોલીસ કમિશનર, રાજકોટ શહેર	એચ આર ચૌધરીની બદલીથી ખાલી પડતી જગ્યાએ
એસ વી પરમાર, વિભાગીય, પોલીસ અધિકારી, રાધનપુર, જિ-પાટણ	નાયબ પોલીસ કમિશનર, ઝોન-૪, વડોદરા શહેર	ખાલી જગ્યાએ
વી આર ટોળીયા, ઉપાચાર્ય, પોલીસ તાલીમ શાળા, વડોદરા	સેનાપતિ, રાજ્ય અનામત પોલીસ દળ, જુથ-૭, નડીયાદ	ખાલી જગ્યાએ
બી જે નિનામા, નાયબ પોલીસ અધિક્ષક, એસસી એસટી, સેલ વ્યારા	અધીક્ષક, સેન્ટ્રલ જેલ, રાજકોટ	ખાલી જગ્યા
બી ઝેડ પટેલ, મદદનીશ પોલીસ કમિશનર, ઈ-ડીવીઝન, અમદાવાદ શહેર	નાયબ પોલીસ, કમિશનર, ટ્રાફિક, (વહીવટ) અમદાવાદ શહેર	ખાલી જગ્યાએ
આર ડી બરંડા વિભાગીય પોલીસ અધિકારી, વિસનગર, જિ-મહેસાણા	નાયબ પોલીસ કમિશનર, ઝોન ૩, સુરત શહેર	ખાલી જગ્યા
બી આર પટેલ, વિભાગીય પોલીસ અધિકારી, હાલોલ, જિ.પચંમહાલ	પોલીસ અધીક્ષક, કચ્છ (પૂર્વ) ગાંધીધામ	જી વી બારોટની બદલીથી ખાલી પડતી જગ્યાએ

ગાંધીનગર સ્થિત દક્ષિણ પશ્ચિમ વાયુ કમાન્ડ, એરફોર્સ સ્ટેશન ખાતે તાજેતરમાં માસ્ટર શેફ કમ કલુનરી સ્કીલ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ચાર દિવસીય આ વર્કશોપમાં જુદા જુદા યુનિટના ૨૦ કુકે ભાગ લીધો હતો.

ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદી ઝાપટાનો દોર જારી

અમદાવાદ, તા.૨૪

દક્ષિણ ગુજરાત અને આસપાસના વિસ્તારો ઉપર અપરએર સાયકલોનિક સરક્યુલેશનની સ્થિતિ સર્જાયેલી છે અને આ સ્થિતિ આગળ વધે તેમ માનવામાં આવે છે. અમદાવાદ અને ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે પરંતુ અપેક્ષા મુજબનો વરસાદ થઈ રહ્યો નથી. ગુજરાતના સૌરાષ્ટ્ર કચ્છનાકેટલાક ભાગોમાં છેલ્લા ૨૪ કલાકમાં પણ થયો છે. વરસાદના પરિણામ સ્વરુપે લોકોને ગરમીથી ચોક્કસપણે રાહત મળી છે. આજે રાજકોટના કેટલાક ભાગોમાં વરસાદ પડ્યો હતો. બીજી બાજુ આ વખતે સૌરાષ્ટ્રમાં ૩૦ ટકાથી વધારે વિસ્તારોમાં વાવણીની શક્યતા દેખાઈ રહી છે. રાજકોટમાં સતત બીજા દિવસે વરસાદી માહોલ રહ્યો હતો. જોરદાર વરસાદી ઝાપટા ગઈકાલ રાતથી જ શરૂ થયા હતા. બીજી બાજુ ગોંડલમાં પણ કલાકોના ગાળામાં જ અઢી ઈંચ જેટલો વરસાદ થયો છે. મોડી રાત્રે ગોંડલ પંથકમાં કડાકા ભડાકા સાથે વરસાદ થયો હતો જેથી આસપાસના વિસ્તારોમાં પાણી પણ ભરાયા હતા. ગોંડલ પંથકમાં રામોદ, અનિડા, વાછરા ગામ અને આસપાસના વિસ્તારોમાં વરસાદ થયો છે. મોરબી જિલ્લાના વાંકાનેરમાં પણ વરસાદી ઝાપટા પડ્યા છે. રાજકોટમાં આજે બપોરના ગાળા બાદ ફરીવાર વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. અમદાવાદ શહેરમાં આંશિક વાદળછાયુ વાતાવરણ આજે પણ રહ્યું હતું પરંતુ તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. અમદાવાદમાં પણ ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે.

અંતે અલગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બ્રિટનની પ્રજાએ ઐતિહાસિક નિર્ણય કરીને યુરોપિયન યુનિયનમાંથી બહાર નિકળી જવાની તરફેણમાં મતદાન કર્યુ હતુ. આની સાથે જ હવે ૨૮ દેશોના યુરોપિયન યુનિયનમાંથી બ્રિટન અલગ થઈ જશે. ૪૩ વર્ષના ગાળા બાદ ઐતિહાસિક જનમત સંગ્રહ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. બ્રિટન યુરોપિયન યુનિયનથી અલગ થશે કે તેની સાથે જ રહેશે તેને લઈને છેલ્લા કેટલાક દિવસથી સામાન્ય લોકોમાં ચર્ચા હતા. સમગ્ર વિશ્વની નજર પણ તેના પર કેન્દ્રિત રહી હતી. જનમતમાં બ્રિટનની પ્રજાએ મામુલી અંતરથી બ્રિટનને યુરોપિયન યુનિયનથી અલગ કરવાની તરફેણમાં મત આપ્યા છે. લંડન અને સ્કોટલેન્ડે યુરોપિયન યુનિયનમાં રહેવા માટે મતદાન કર્યુહતુ. પરંતુ ઉત્તરીય ઈંગ્લેન્ડમાં રહેતા લોકો દ્વારા ઈયુથી અલગ થઈ જવા માટે મતચદાન કર્યુછે. વેલ્સ અને ઈંગ્લિશ શાઈઅરના મતદારોએ મોટી સંખ્યામાં ઈયુથી અલગ થવાની તરફેણમાં મતદાન કર્યુહતુ. આ પરિણામ આવી ગયા બાદ બ્રિટનના ચલણમાં સૌથી મોટી ઘટાડો રહ્યો છે. વર્ષ ૧૯૮૫ બાદથી તેમાં સૌથી મોટો ઘટાડો થયો હતો. જનમત સંગ્રહ ના ટર્નઓવર ગયા વર્ષે થયેલા સામાન્ય ચૂંટણી કરતા વધારે રહેતા લોકોમાં આની પણ ચર્ચા રહી હતી. અંદાજ છે કે મતમાં અંતર ૫૨ ટકા અને ૪૮ ટકા વચ્ચે છે. ઈયુમાંથી નિકળી જવાની દહેશતના કારણે તેમાં ૧૧ ટકાનો ઘટાડો થયો છે આગામી દિવસોમાં તેની સીધી અસર રહી શકે છે. બ્રિટનની પ્રજાના આ નિર્ણયને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

એન્ટ્રીનો વિરોધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સિયોલમાં બેઠક યોજાય તેના પહેલા આ વાતચીત યોજાઈ હતી. ચીન સહિત પાંચ દેશોના વિરોધ બાદ આ વર્ષે ભારતની એનએસજીમાં એન્ટ્રીને લઈને આશા ઉપર પાણી ફરી વળ્યું છે. ચીને અમેરિકા તરફથી કરવામાં આવેલી અપીલને પણ ફગાવી દીધી હતી. ભારત એનપીટી ઉપર હસ્તાક્ષર કરે તે બાબત ઉપર ચીનનું વલણ મક્કમ રહ્યું હતું. ચીને પોતાના ઈરાદા સ્પષ્ટ કરતા કહ્યું હતું કે, નિયમો એનએસજીના સભ્ય દેશો દ્વારા બનાવવામાં આવ્યા છે જેથી નિયમો પાળવામાં આવે તે જરૂરી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે, એક દેશે પ્રક્રિયાગત અડચણોને ઉઠાવી છે. મોટી સંખ્યામાં દેશોએ ભારતની તરફેણ કરી હતી. ભારતની અરજી ઉપર રચનાત્મક મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. અમે આ તમામ દેશોનો આભાર માનીએ છીએ. અમે માનીએ છીએ કે, વ્યાપક ભાવના આ મામલાને આગળ લઈને જશે. બીજી બાજુ મોદી છેલ્લા ઘણા દિવસથી આને લઈને પ્રયાસ કરી રહ્યા હતા. ભારતના તમામ પ્રયોસો ઉપર આજે પાણી ફરી વળ્યું હતું.

ભીષણ આગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્રણ કલાક સુધી સતત પાણીનો મારો ચલાવી દોઢ લાખ સીટર પાણી છાંટ્યા બાદ આગ પર કાબુ મેળવવામાં ફાયરબ્રિગેડને સફળતા મળી હતી. આ સરકારી ગોડાઉનમાં કસ્ટમને લગતી પ્રોસેસ માટે ખાનગી કંપનીઓનો માલસામાન મુકવામાં આવ્યો હતો. આ ગોડાઉનમાં એસીયાટીક કલર કેમીકલના કોથળાઓ તથા એસીડ અને અન્ય વિવિધ કેમીકલના ડ્રમનો જથ્થો પડ્યો હતો. આશરે રૂ. ૧૬.૪૩ કરોડની કિંમતનો માલસામાન બળીને ખાખ થઈ જવા પામ્યો છે. સદ્દભાગ્યે આગ બેકાબુ થાય અને અન્ય ગોડાઉનોમાં પ્રસરે તે પહેલા આગ કાબુમાં લઈ લેવાતા અન્ય ગોડાઉનોમાં કોઈ નુકશાન થવા પામ્યુ નથી અને કોઈ જાનહાનીકે ઈજા પણ આ દુર્ઘટનામાં થવા પામી નથી.

જુના ડીસા તથા દિયોદરમાં બનાસબેંકની એટીએમ સુવિધાનો પ્રારંભ

પાલનપુર, તા. ૨૪

બનાસકાંઠા જિલ્લાના જુના ડીસા અને દિયોદર મુકામે બનાસ બેંકના ચેરમેન અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા વાહન વ્યવહાર રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ બનાસ બેંકની એટીએમ સુવિધાનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે મંત્રી શંકરભાઈ ચૌધરીએપ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું હતું કે બનાસ બેંક ગ્રામ્યલેવલ સુધી ખેડૂતો અને પશુપાલકોને તમામ પ્રકારની આધુનિક સુવિધા પુરી પાડે છે. તેમણે કહ્યું કે બનાસવાસીઓ બધુ જ કરી શકે તેવો વિશ્વાસ લોકોમાં ઉભો કર્યો છે. તેમણે જણાવ્યું કે ભૂતકાળમાં ૧૬ ટકાના ઉંચા વ્યાજે પાક ધિરાણ મેળવવું પડતું હતું. રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે લીધેલા નિર્ણય મુજબ આજે ખેડૂતોને માત્ર ૧ ટકાના દરે ધિરાણ આપવામાં આવે છે. મંત્રીએ કહ્યું કે સાત વર્ષ પહેલાં બનાસ બેંકમાં રૂ. ૨૩૦ કરોડની ડીપોઝીટ હતી તેમાં વધારો થતાં આજે રૂ. ૧૧૦૦ કરોડની ડીપોઝીટ બેંક પાસે છે. તેમણે કહ્યું કે બનાસ બેંકનું સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યું છે જેનાથી સેવાઓ ઝડપી બની છે. તેમણે કહ્યું કે બનાસ બેંકનો ખાતાધારક ગમે તે બેંકના એટીએમમાંથી રૂપીયા ઉપાડી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. રાષ્ટ્રીયકૃત બેકના જેવી જ તમામ સુવિધાઓ આપવામાં બનાસ બેંક અગ્રેસર છે જે આપણા માટે આનંદ અને ગૌરવની વાત છે તેમ તેમણે જણાવ્યું હતું.

જિલ્લા ભાજપા પ્રમુખ અને ધારાસભ્ય કેશાજી ચૌહાણે જણાવ્યું કે આરોગ્ય મંત્રી તરીકે શંકરભાઈ ચૌધરીએ દિયોદર વિસ્તારમાં ૨ સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને ૫૬ પેટા આરોગ્ય કેન્દ્રો મંજુર કર્યા છે. તેમણે કહ્યું કે દિયોદર ભાભરના આ સૂકા ભઠ્ઠ વિસ્તારમાં નર્મદાના નીર લાવવામાં યોગદાન આપ્યું છે. પાણી આપણા ખેતરો સુધી પહોંચ્યું છે.

બનાસ ડેરીના વાઈસ ચેરમેન અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈએ જણાવ્યું કે સમયની માંગ અનુસાર બનાસ બેંક દ્વારા એટીએમ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે છેલ્લા દાયકામાં બનાસ બેંકના સફળ સુકાની શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ બેંકની ખુબ પ્રગતિ થઈ છે.

ન્યુ ક્રેડીટ સોસાયટીનું પરિણામ જાહેર થયું

ગાંધીનગર, તા. ૨૪

સચિવાલયની ન્યુ ક્રેડિટ સોસાયટીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની પાંચ બેઠકો માટે ગઈકાલે નવ ઉમેદવારો મેદાનમાં હતાં.

ઉમેદવારોને મળેલા મતો આ પ્રમાણે છે. અતુલભાઈ પટેલ - ૭૪૪, અશ્વિન વ્યાસ - ૭૧૯, રાજુલભાઈ ભટ્ટ - ૬૪૧, હર્ષદસિંહ વાઘેલા - ૬૧૮, મહેશસિંહ વાઘેલા - ૬૦૮, નરેશભાઈ ગણવીત - ૫૯૯, શૈલેષ મજમુદાર - ૫૯૦, રામસિંહ પરમાર - ૫૫૯, કીરીટ સોની - ૪૩૭ મત મળ્યા છે.

દહેજના મામલે પરિણીતાને ત્રાસ અપાતા ત્રણ વિરૂધ્ધ ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના મોતીપુરા ખાતે રહેતી અને કડીમાં પરણેલી પરિણીતા પર વહેમીલો પતિ વહેમ રાખી સાસુર-સસરાની ચઢામણીથી શારીરિક-માનસિક ત્રાસ આપી ધંધા માટે રૂ. ૨ લાખના દહેજની માંગણી કરી જાનથી મારવાની ધમકીઓ આપતા મામલો ગરમાયો છે. મહિલાએ ત્રાસ તેમજ દહેજના મામલે હિંમતનગરના મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણેય જણા વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે.

હિંમતનગરના કાટવાડ રોડ પરથી કતલ ખાને લઈ જવાતી ૬ ગાયોને બચાવાઈ

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના કાટવાડ રોડ પરથી બુધવારે રાત્રે વિજાપુર તરફથી પાસપરમીટ વિના એક પીકઅપ ડાલામાં ૬ ગાયો ભરી કતલખાને લઈ જવાતી હોવાની બાતમીને આધારે એલસીબીએ વોચ ગોઠવી ૬ ગાયોને બચાવી લઈ ઈડર પાંજરાપોળમાં મોકલી આપી હતી.

આ અંગેની વિગત એવી છે કે એલસીબીના પી.આઈ. તથા સ્ટાફને ગુરૂવારે એવી બાતમી મળી હતી કે વિજાપુર તરફથી પીકઅપ ડાલામાં ૬ ગાયો ભરી મોડાસા થઈ કતલખાને લઈ જવાઈ રહી છે. જે આધારે એલસીબીએ નાકાબંધી કરી હતી. દરમિયાન કાટવાડ રોડ પરથી બે વાહનો આગળ પાછળ પુર ઝડપે જતા હોવાથી પોલીસે તેમને રોકવા ઈશારો કર્યો હતો. પરંતુ પીકઅપ ડાલાનો ચાલક ડાલુ મુકીને ભાગી ગયો હતો. જોકે પોલીસે તેની ઓળખ કરી લેતા તે મોડાસાના રાણા સૈયદ વિસ્તારમાં રહેતા નથ્થુકાલુ મુલતાની હોવાનું જણાયું હતું.

દરમિયાન પોલીસે ૬ ગાયો ભરેલ ડાલા નં. જી.જે.૯.ઝેડ. ૮૯૫૧ અને તેની પાછળ આવતી પીકઅપ ડાલા નં. જી.જે.૯.ઝેડ. ૨૨૨૩ ના ચાલક મુસ્તાકભાઈ નબુભાઈ મનસુરી (રહે. આગીયોલ) ને બુધવારે રાત્રે ઝડપી લીધો હતો. ત્યારબાદ પોલીસે રૂ. ૬૦ હજારની ગાયોને બચાવી લઈ ઈડર પાંજરાપોળમાં મોકલી આપી હતી અને પ્રાણી સંરક્ષણ અધિનિયમની કલમ ૫, ૬ (ક) (૧), ૮, ૯ અને ૧૦ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દેરોલ અને ગામડી પાસે થયેલા અકસ્માતમાં બેના મોત

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના દેરોલ ગામની સીમમાં અને ગામડી ગામની સીમમાં બે દિવસ દરમિયાન બનેલી વાહન અકસ્માતની ઘટનામાં બે વ્યક્તિના મોત નિપજ્યા હતા. જ્યારે એક મહિલાને ઈજા પહોંચતા તેણીને સારવાર માટે ખસેડાઈ હતી. અકસ્માતની બંને ઘટનાઓ સંદર્ભે હિંમતનગર ગ્રામ્ય અને ગાંભોઈ પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી તપાસ હાથ ધરી છે.

બુધવારે દેરોલની સીમમાં થયેલા અકસ્માતની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર ઉજવલ એસોઈઝ કંપનીમાં માલ ભરવા આવેલા ટ્રક નં. જી.જે.૫વાયવાય.૯૧૦૦ ના ચાલકે બેદરકારી રીતે ટ્રક રિવર્સ લેવા જતા કંપનીના કેમ્પસમાં સુઈ રહેલ સંતોષ મુન્નાપ્રસાદ પટેલ (કુરમી) (ઉ.વ.૨૬) પર ટ્રક ચઢી જતા યુવકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. ત્યારબાદ મૃતકના બનેવીએ અકસ્માતની ઘટના અંગે ટ્રકના ચાલક વિરૂધ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટશનમાં ગુનો દર્જ કરાવતા પોલીસે કાર્યવાહી કરી હતી.

નામ બદલેલ છે

મારું નામ આનંદ મીત અશ્વિનભાઈમાંથી બદલીને આનંદ મહાવીર અશ્વિનભાઈ રાખેલ છે. જેની યોગ્ય નોંધ લેવા વિનંતી.

મીલીટરી એન્જિનિયર સર્વિસીસ

ચીફ એન્જિનિયર (એએફ) ગાંધીનગર માટે ઈ-પ્રોક્યુરમેન્ટ ટેન્ડર

ઈ-ટેન્ડર નીટ નં.....

ભારતના રાષ્ટ્રપતિ વતી ચીફ એન્જિનિયર (એરફોર્સ) ગાંધીનગર-૩૮૨૦૪૨ ર્ઈજીના નોંધાયેલા / ન નોંધાયેલા લાયકાત ધરાવતા કોન્ટ્રાક્ટરો પાસેથી નીચે દર્શાવેલ કામ માટે જે ૮મી જુન, ૨૦૧૬ના રોજ eprocuremes.gov.in પર અપલોડ કરેલ છે. તેના માટે ઈલેક્ટ્રોનિક બીડ મંગાવે છે. કોન્ટ્રાક્ટરોને વિનંતી કરવામાં આવે છે કે, તેઓ વેબસાઈટ www.eprocuremes.gov.inની મુલાકાત લે. આ ઈ-ટેન્ડરો છે જે ઈલેક્ટ્રોનિક ફોર્મેટના રૂપે આપેલ છે. કોઈપણ સંજોગોમાંલ મેન્યુઅલ ઓફર બીડ્સ સ્વીકારવામાં આવશે નહી. માત્ર ઈલેક્ટ્રોનિક બીડનો જ સ્વીકાર કરવામાં આવશે. સુચનાઓ માટે વેબસાઈટની મુલાકાત લેવા વિનંતી.

અનુ.નં.	કામનું નામ	ટેન્ડરી અંદાજીત કિંમત
૧.	વાડીનાર (પોરબંદર) ખાતે MD ACCN અને OTM માટે ફર્નિચરની ઉપલબ્ધતા	૪૦.૦૦ લાખ

davp10102/11/1162/1617 Sd/-